R.C.S NO. 165/2021 EX.206

**પ્રતિવાદી પક્ષે સાહેદ નંબર**

| | |
|---|---|
| નામ:– | રાઠોડ દિનેશકુમાર ગોવિંદભાઈ |
| ઉમર:– | પર વર્ષ |
| ધર્મ:– | હિન્દુ |
| ધંધો:– | ઈ.ચા. સિનિયર ટાઉન પ્લાનર તથા જાહેર માહિતી અધિકારી, મહાનગરપાલીકા, જુનાગઢ |
| રહેવાસી:– | જુનાગઢ |

**પ્રતિવાદી નં.૧ પક્ષે સરતપાસ વિ.વકીલ શ્રી.એમ.એમ.દવે**
**સોગંદ આપ્યા.**
**તા.૨૧/૦૨/૨૦૨૨.**

મેં જુનાગઢ મહાનગરપાલિકામાં ઈન્ચાર્જ સિનિયર ટાઉન પ્લાનર તથા જાહેર માહિતી અધિકારી તરીકે તા.૨૩/૦૭/૨૦૨૧ ના રોજ ચાર્જ સંભાળેલો છે. મારાથી પહેલા સિનિયર ટાઉન પ્લાનર અને જાહેર માહિતી અધિકારી, જુનાગઢ મહાનગરપાલિકા તરીકે શ્રી લલિતભાઈ વાઢેર ફરજ બજાવતા હતા. તેઓ મારા પુરોગામી અધિકારી હોવાથી હું તેમની સહીથી પરિચિત છું.

હું આજરોજ કોર્ટ તરફથી માર્ક–૪૧/૧૫ થી ૪૧/૧૯ સુધીના દસ્તાવેજો અંગે પુરાવો રજુ કરવા કોર્ટ સમક્ષ હાજર રહેવાનો સમન્સ બજતા તે અંગે પુરાવો રજુ કરવા આવેલ છું. મને કોર્ટ સમન્સ સાથે મારે મહાનગરપાલિકાના કયા દસ્તાવેજો અંગે જુબાની આપવાની છે તે અંગેના દસ્તાવેજોની નકલ પણ મને મળેલી. હું સાક્ષી સમન્સની અરજી અને તે સાથેના દસ્તાવેજોનો અભ્યાસ કરી તે સંપૂર્ણ પ્રકરણનો અભ્યાસ કરી પુરાવો આપવા આવેલો છું. મને કોર્ટ રેકર્ડમાંથી આંક–૧૬૪ બતાવવામાં આવે છે જે જોઈને કહું છું કે, તે અરજી અમારી કચેરીમાં ઈન્વર્ડ નં.૧૫૮૨ થી તા.૧૭/૦૬/૨૦૨૧ ના રોજ ઈન્વર્ડ થયેલી છે. મને આંક–૧૬૫ બતાવવામાં આવે છે જે જોઈને કહું છું કે, તે મહાનગરપાલિકા, જુનાગઢ તરફથી આર.ટી.આઈ. અરજી સંબંધે અમારી કચેરી તરફથી આપવામાં આવેલો રીપ્યાલય છે, જે જોઈને કહું છું કે, તેમાં જાહેર માહિતી અધિકારી શ્રી લલિતભાઈ વાઢેરની સહી છે, જે ઓળખી બતાવું છું. મને આંક–૧૬૬ બતાવવામાં

આવે છે જે જોઈને કહું છું કે, તેમાં મહાનગરપાલિકા, જુનાગઢના તત્કાલિન આર.ટી.આઈ. ઓફીસર લલિતભાઈ વાઢેરની સહી છે. મને આંક–૧૬૬ ના પાના નં.૨ બતાવવામાં આવે છે જે જોઈને કહું છું કે, તેમાં અમારી કચેરી તરફથી આર.ટી.આઈ. અરજદાર – નિલેશભાઈ પંડયાને આપવામાં આવેલી માહિતી દર્શાવેલ છે, જેમાં આર.ટી.આઈ. ઓફીસર શ્રી લલિતભાઈ વાઢેરની સહી છે, જે ઓળખી બતાવું છું. મને કોર્ટના રેકર્ડમાંથી આંક–૧૬૭ નો દસ્તાવેજ બતાવવામાં આવે છે, જે જોઈને કહું છું કે, આ નિલેશકુમાર શાંતિલાલ પંડયાએ મહાનગરપાલિકા, જુનાગઢ પાસેથી આર.ટી.આઈ. મુજબની માહિતી મળવા તા.૦૨/૦૭/૨૦૨૧ ના રોજ અમારી કચેરીમાં ૧૯૮૮ નંબરથી ઈન્વર્ડ થયેલી અરજી છે. મને નામદાર કોર્ટના રેકર્ડમાંથી આંક–૧૬૮ નો દસ્તાવેજ બતાવવામાં આવે છે, તે જોઈને કહું છું કે, તે અમારી કચેરી ધ્વારા નિલેશકુમાર શાંતિલાલ પંડયાને આપેલ માહિતી છે, તેમાં મારી સહી છે, જે ઓળખી બતાવું છું.

ઉપરોકત દસ્તાવેજો ધ્યાને લઈને હું જણાવું છું કે, મહાનગરપાલિકા ધ્વારા નિલેશકુમાર શાંતિલાલ પંડયાની આર.ટી.આઈ. અરજીમાં માંગવામાં આવેલ માહિતી મહાનગરપાલિકાનું તથા તે પૂર્વની નગરપાલિકાનું બાંધકામની મંજુરી અંગેનું સંપૂર્ણ રેકર્ડ ધ્યાને લઈને આપવામાં આવેલી માહિતી છે. હું ઉપરોકત આર.ટી.આઈ. અનુસંધાને અમારી બાંધકામ મંજુરી અંગેનું રેકર્ડ ધ્યાને લઈને જણાવું છું કે, સને ૧૯૮૧ ની સાલની મંજુરી નં.૧૩૯ છોટાલાલ નથુરામ, ભાટિયા ધર્મશાળા પાછળ ના નામે ઈશ્યુ થયેલી મંજુરી છે, નારાયણ ગેસ્ટ હાઉસના નામે અપાયેલી મંજુરી નથી.

હું કાર્યપાલક ઈજનેર તરીકે ફરજ બજાવતો નથી.

**સરતપાસ પુરી.**

**વાદી પક્ષે ઉલટ તપાસ વિ.વકીલશ્રી એસ.ડી. ચાગલાણી**

હું જુનાગઢ મહાનગરપાલિકામાં સર્વિસમાં તા.૨૨/૦૬/૨૦૨૧ ના જોડાયેલો છું. સાહેદ સ્પષ્ટતા કરતા જણાવે છે કે, હું મૂળ નોકરીમાં તા.૨૩/૧૧/૧૯૯૨ ના રોજ નગર રચના અધિકારીની કચેરી, ઘાટલોડીયા ખાતે સરવેયર તરીકે જોડાયેલો. એ વાત ખરી છે કે, તા.૨૨/૦૬/૨૦૨૧ પહેલા હું મહાનગરપાલિકાની કોઈ બાબતો

અંગે વ્યકિતગત રીતે માહિતગાર નથી. એ વાત ખરી છે કે, હું મહાનગરપાલિકાનો કર્મચારી નથી, પરંતુ મને ડેપ્યુટેશન ઉપર સરકારશ્રીમાંથી મહાનગરપાલિકા ખાતે નિયુકત કરવામાં આવેલ છે. તમને ડેપ્યુટેશન પર મહાનગરપાલિકામાં માત્ર ટાઉન પ્લાનીંગ અંગેની કામગીરી કરવાની રહે છે તેવા વાદી પક્ષના સૂચનનાં જવાબમાં જણાવું છું કે, તે સિવાય મારી પાસે દબાણ શાખા, ચીફ સરવેયર તરીકેના ચાર્જ પણ સોંપવામાં આવેલ છે. તમારે ટાઉન પ્લાનર, દબાણ શાખા અને ચીફ સરવેયર સિવાયની અન્ય કોઈ કામગીરી કરવાની નથી તેવા વાદી પક્ષના સુચનમાં જણાવું છું કે, તે સિવાય કમિશ્નરશ્રી સોંપે તેવી અન્ય ફરજો પણ નિભાવવાની હોય છે.

જુનાગઢ નગરપાલિકાનું અસ્તિત્વ જે તારીખથી શરૂ થયું અને તે નગરપાલિકામાંથી મહાનગરપાલિકા થઈ ત્યાં સુધીનું જુનાગઢ નગરપાલિકા સમક્ષ રજુ થયેલી બાંધકામ પરવાનગી અરજી, અરજી સાથેનો પ્લાન, બાંધકામની મંજુરી અને મંજુર થયેલ પ્લાન જુનાગઢ મહાનગરપાલિકા પાસે ઉપલબ્ધ છે ? તેવા વાદી પક્ષના સવાલના જવાબમાં જણાવું છું કે, નગરપાલિકામાંથી મહાનગરપાલિકા થઈ તે સમયે નગરપાલિકા પાસે જે રેકર્ડ ઉપલબ્ધ હતું તે રેકર્ડ મહાનગરપાલિકા પાસે ઉપલબ્ધ છે. સાહેદ વધુ સ્પષ્ટતા કરે છે કે, નગરપાલિકાના રેકર્ડમાંથી કાંઈ મીસીંગ હોય તો તે મુજબનું મહાનગરપાલિકાના રેકર્ડ પર ઉપલબ્ધ નથી. નગરપાલિકા તરફથી મહાનગરપાલિકાને જે રેકર્ડ સુપ્રત કરવામાં આવ્યું તેમાં કયુ રેકર્ડ સોંપાયેલું છે અને કયુ રેકર્ડ મીસીંગ છે તેની કોઈ યાદી ઉપલબ્ધ છે કે કેમ તે હું હાલ કહી શકું તેમ નથી. કોઈ વ્યકિત ધ્વારા બાંધકામ માટેની મંજુરી માંગવામાં આવે તો તમારી કચેરીમાં તેનું કયુ–કયુ રેકર્ડ રાખવામા ંઆવે તેવા વાદી પક્ષના સવાલના જવાબમાં જણાવું છું કે, અરજદારની અરજી, તેની સાથેના સાધનિક કાગળો, બાંધકામની મંજુરી, મંજુર થયેલ નકશો અને તેના સાધનિક કાગળો અમારા રેકર્ડ પર અસલ અથવા નકલના સ્વરૂપમાં નિભાવવામાં આવે છે. એ વાત ખરી છે કે, મંજુરી માંગનારની મંજુરી જે જાવક નંબરથી પત્ર ધ્વારા અજદારને મોકલવામાં આવેલી હોય તેનું રજીસ્ટર પણ નિભાવવામાં આવતું હોય છે. મંજુરી આપ્યા બાદ તે મંજુરીની અરજદારને જાણ કરતો પત્ર ત્યારબાદની તારીખે લખાયો હોય

તેવું બની શકે ? તેવા વાદી પક્ષના સવાલના જવાબમાં જણાવું છું કે, બાંધકામની જે મંજુરી આપવામાં આવેલી હોય તે જ અરજદારને મોકલી આપવામાં આવે છે અને તેને કોઈ અલગ પત્રથી મોકલાતી નથી. જે અસલ મંજુરી અરજદારને મોકલવામાં આવે તેનું રજીસ્ટર નિભાવવામાં આવે છે.

સામાન્ય રીતે બાંધકામની અરજી આવ્યા બાદ અંદાજી ૩૦ દિવસની અંદર તે અંગેનો નિર્ણય કરી દેવામાં આવતો હોય છે. ૧૯૮૧ ની સાલમાં નગરપાલિકા–જુનાગઢ માં બાંધકામની પરવાનગી માટે કુલ કેટલી અરજીઓ આવેલી, કેટલી મંજુર થયેલી, કેટલી નામંજુર થયેલી તે અંગેનું રેકર્ડ તમારી પાસે ઉપલબ્ધ છે ? – તેવા વાદી પક્ષના સવાલના જવાબમાં જણાવું છું કે, તે હું હાલ કહી શકું તેમ નથી. એ વાત ખરી છે કે, કોઈ વ્યકિત અમારી કચેરીમાં કોઈ માહિતી કે દસ્તાવેજ માંગે અને જો તે ઉપલબ્ધ હોય તો અમે આપીએ અને ન ઉપલબ્ધ હોય તો ઉપલબ્ધ નથી તેવો જવાબ આપીએ. એ વાત ખરી છે કે, આંક–૧૬૪ મુજબ અરજદાર–નિલેશભાઈ પંડયાએ તા.૩૦/૧૧/૧૯૮૧, ડી.ડબલ્યુ. ૧૩૯ રોયલ કોમ્પ્લેકસની બાંધકામ પરવાનગી અરજી રજીસ્ટરના ઉતારાની નકલ માંગેલી છે. એ વાત ખરી છે કે, અરજદારે અમારી કચેરી પાસેથી માત્ર ઉપરોકત મુજબની માહિતી માંગેલી. અમારી કચેરી પાસેથી તા.૩૦/૧૧/૧૯૮૧ ની ડી.ડબલ્યુ. ૧૩૯ ની રોયલ કોમ્પ્લેકસની કોઈ બાંધકામ પરવાનગી અંગેનું રેકર્ડ ઉપલબ્ધ હતું નહીં. આવી માહિતી અમારી કચેરી પાસે ઉપલબ્ધ નથી તેવી અમે અરજદારને જાણ કરેલી નથી. જો કોઈ માંગવામાં આવેલી માહિતી કે દસ્તાવેજ ઉપલબ્ધ ન હોય તો તમે એવી માહિતી કે દસ્તાવેજ ઉપલબ્ધ નથી તેટલી જ જાણ કરો છો અને અરજદારને બોલાવતા નથી તેવા વાદી પક્ષના સૂચનનાં જવાબમાં જણાવું છું કે, જો તારીખ અંગે અન્ય કોઈ વિસંગતતા હોય તો તે માટે જરૂરી સ્પષ્ટતા કરવા માટે બોલાવીએ છીએ.

એ વાત ખરી છે કે, આંક–૧૬૪ નીઅરજીમાં જે વિગત માંગવામાં આવેલી છે તે સ્પષ્ટ રીતે ઉલ્લેખિત છે, તેમાં કોઈ સંશોધન કરવું પડે તેવી કોઈ હકીકત નથી. એ વાત ખરી છે કે, નિલેશભાઈએ પોતાની આંક–૧૬૪ ની અરજી અનુસંધાને રેકર્ડનું

કોઈ ઈન્સ્પેકશન અમારી પાસે માંગેલું હોય તેવી કોઈ અરજી કરેલી નથી. અમારી કચેરી તરફથી અરજદારને બાંધકામ રજીસ્ટરનો ઉતારો આપવામાં આવેલો નથી. ૧૯૮૧ નું આખા વર્ષનું બાંધકામ રજીસ્ટર તમારી પાસે છે ? તેવા વાદી પક્ષના સવાલના જવાબમાં જણાવું છું કે, હું અસલ બાંધકામ રજીસ્ટર મારી સાથે લાવેલ છું અને ૧૯૮૧ ના આખા વર્ષની તેમાં નોંધ છે કે કેમ તે હું રજીસ્ટર જોઈને કહી શકું. મારી પાસે અમારી કચેરીમાં તા.૦૩/૦૪/૧૯૮૧ થી તા.૦૪/૦૮/૧૯૮૧ સુધીનું રજીસ્ટર હાલ હું મારી સાથે લાવેલો છું.

**કોર્ટ ધ્વારા સવાલ :–** ઉપરોકત ૧૯૮૧ ની સાલનું ઉપરોકત તારીખો સિવાયનું તા.૦૧/૦૧/૧૯૮૧ થી તા.૦૨/૦૪/૧૯૮૧ અને તા.૦૫/૦૮/૧૯૮૧ થી તા.૩૧ /૧૨/૧૯૮૧ સુધીનું બાંધકામ મંજુરીનું રજીસ્ટર અમારી પાસે છે કે કેમ તે હું રેકર્ડ તપાસીને જણાવી શકું. જે હું મને સમયે આપ્યેથી રેકર્ડ જોઈને જણાવી શકું.

હું મારી સાથે લાવેલ ઉપરોકત રજીસ્ટર પર ''મંજુરી નં.૧ થી ૨૩૫, બાંધકામ મંજુરીનું રજીસ્ટર, ભાગ–૧ લો, પાના નં.૧ થી ૯૫, સને ૧૯૮૧–૮૨, તા.૦૩/૦૪/૮૧ થી ૪–૮–૮૧ સુધી''લખેલું છે. એ વાત ખરી છે કે, બાંધકામની પરવાનગી સીટી સરવે નંબર અને જે–તે વ્યકિતના માલિકીના દસ્તાવેજના આધારે આપવામાં આવતી હોય છે, બિલ્ડીંગનાં નામે નહીં. કાંતિભાઈ પંડયા નામની કોઈ વ્યકિતએ ૧૯૮૧ ની સાલમાં બાંધકામની કોઈ પરવાનગી માંગેલી હોય તે અંગેનું કોઈ રેકર્ડ મેં ખરાઈ કરેલું નથી. હું જો કોઈ આ નામની વ્યકિતએ બાંધકામની પરવાનગી માંગી છે કે કેમ તે રેકર્ડ તપાસીને કહી શકું. હું નગરપાલિકા સમયના કોઈ દસ્તાવેજમાં એ સમયનાં ચીફ ઓફીસરની અસલ સહી અને સિકકો છે કે કેમ તે તથા કે જે લેટરપેડ ઉપર છપાયેલ છે કે કેમ તે અસલ છે કે કેમ તે કહી શકું નહીં. સાહેદ જણાવે છે કે, અમારું રેકર્ડ ચેક કર્યા સિવાય કહી શકું નહીં. એ વાત ખરી છે કે , બાંધકામની પરવાનગી અરજીમાં કોઈ ક્ષતિ હોય તો જરૂરી ક્ષતિપૂર્તતા કરી કે ફેરફાર કરી રજુ કરવા કહી શકાય. એ વાત ખરી છે કે, બાંધકામમાં જરૂરી સુધારા–વધારા સાથેની રીવાઈઝ પરવાનગી પણ માંગવામાં આવતી હોય છે. એ વાતખરી છે કે, મંજુર થવાપાત્ર હોય તો રીવાઝઈડ પરવાનગી પણ આપવામાં

આવતી હોય છે. આ તબકકે વાદી પક્ષના વિ.વ.શ્રી રીવાઈઝડ પરવાનગી અંગે સવાલ પૂછી રહેલા છે, પરંતુ હાલના તબકકા સુધી વાદી પક્ષ તરફથી તેઓના કેસમાં રીવાઈઝડ પરવાનગીનો પ્રશ્ન સમાયેલ છે તેવો કોઈ પ્લીડીંગ કે પુરાવો નથી તેથી તે અંગેના સવાલો સુસંગત ન હોય પૂછવા પરવાનગી આપવામાં આવતી નથી.

લલિતભાઈ વાઢેર કઈ તારીખ સુધી આર.ટી.આઈ. ઓફીસર તરીકેનો હવાલો ધરાવતા હતા તે તારીખ મને ખબર નથી. એ વાત ખરી છે કે, લલિતભાઈ વાઢેર સેવા નિવૃત થઈ ગયેલ છે.તમે લાવેલા રજીસ્ટરમાં ડી.ડબલ્યુ.૨૫૦ ની નોંધ છે તેવા વાદી પક્ષના સવાલના જવાબમાં જણાવું છું કે, હું મારી સાથે લાવેલ રજીસ્ટરમાં ૧ થી ૨૩૫ ની નોંધ છે. તમે આંક–૧૬૪ માં અરજદારે તા.૩૦/૧૧/૧૯૮૧ ના રોજનો બાંધકામ રજીસ્ટરના ઉતારાની માંગણી કરેલ છે તે તમે રજુ કરી શકો તેમ છો તેવા વાદી પક્ષના સવાલનાં જવાબમાં જણાવું છું કે, તે હું અમારી કચેરીનું રેકર્ડ જોઈને જણાવી શકું. અમે આજરોજ રજુ કરેલ ઉતારામાં તા.૧૭/૦૬ છોટાલાલ નથુરામ ધ્વારા માંગવામાં આવેલી પરવાનગીની અરજી છે.

સદર કામમાં વાદી વકિલશ્રી સાક્ષી તા.૩૦/૧૧/૧૯૮૧ ના રોજના બાંધકામ રજીસ્ટરના ઉતારાની નકલ રજુ કરે તેવો આદેશ કરવા વિનંતી કરી રહેલા છે. હાલના તબકકે પ્રતિવાદી નં.૧ ના વિ.વ.શ્રી વાંધો લેતા જણાવે છે કે, વાદી કેસનું પુરાવાનું સ્ટેજ પૂર્ણ થયેલ છે તેથી તેઓ પુરાવામાં રહેલી ક્ષતિપૂર્તતા માટે કોઈ દસ્તાવેજ મંગાવી શકે નહીં. આ અંગે વિચાર કરવામાં આવે તો શરૂઆતથી જ વાદી પક્ષે રજુ કરેલ પરવાનગી અરજીમાં તા.૩૦/૧૧/૧૯૮૧ ના રોજની તારીખનો ઉલ્લેખ છે, તે તારીખના બાંધકામ પરવાનગી ઉતારાની નકલ જ પ્રતિવાદી નં.૧ ધ્વારા આર.ટી.આઈ. નીચે પ્રતિવાદી નં.૨ પાસે માંગવામાં આવેલી હતી. જેથી તા.૩૦/૧૧/૧૯૮૧ ના રોજ વાદી પક્ષને બાંધકામની કોઈ મંજુરી અપાયેલી છે તે પણ મહત્વની રીતે નિર્ણય માટે ધ્યાને લેવી આવશ્યક છે. જેથી સદર સાક્ષીને આવતી કાલ તા.૨૨/૦૨/૨૦૨૨ નાં રોજ કલાક૧૩:૦૦ વાગ્યે તા.૩૦/૧૧/૧૯૮૧ ના રોજના બાંધકામ મંજુરી રજીસ્ટરના પાનાની પ્રમાણિત

R.C.S NO. 165/2021 EX.206

નકલો સાથે અસલ રજીસ્ટર સાથે આગળની જુબાની આપવા માટે હાજર રહેવા હુકમ કરવામાં આવે છે.

**સાક્ષી ધ્વારા દસ્તાવેજો રજુ થયે વિશેષ ઉલટ તપાસ માટે મુલત્વી.**

**તા.૨૧/૦૨/૨૦૨૨.**

**સાહેદને જુબાની વાંચી સંભળાવતા**
**ખરી હોવાનું સ્વીકારે છે.**

**અમારા રૂબરૂ**

**(મિહિરદેવસિંહ જે. ઝાલા)**
મુખ્ય સીનીયર સીવીલ જજ
**જુનાગઢ**

**(મિહિરદેવસિંહ જે. ઝાલા)**
મુખ્ય સીનીયર સીવીલ જજ
**જુનાગઢ**

**વાદી પક્ષે વધુ ઉલટ તપાસ વિ.વકીલશ્રી એસ.ડી. ચાગલાણી**

**સોગંદ આપ્યા,**

તે વાત ખરી છે કે, જાહેર માહીતી અધિકારી તરીકે અમારી કચેરીમાં કોઈ અરજી આવે ત્યારે તે માહીતી જે તે વિભાગના કર્મચારી પાસેથી અમારી કચેરી દ્રારા માંગવામાં આવે છે. તમોએ અરજદારની અરજી અનુસંધાને જે આંક–૧૬૮ નો જે જવાબ આપેલ છે તે શું વેરીફાય કર્યા બાદ આપેલો છે તેવા વાદી પક્ષના પ્રશ્નના જવાબમાં જણાવુ છુ કે માહીતી અધિકાર હેઠળની અરજીમાં જે તારીખની માહીતી માંગવામાં આવેલી હતી તે તારીખે આવી માહીતી છે કે કેમ તે વેરીફાય કરીને જવાબ આપેલો. અમે બાંધકામ મંજુરી રજીસ્ટર સીવાય અન્ય કોઈ રેકર્ડ વેરીફાય કરેલ નહી. અમે ઉપરોકત બાંધકામ મંજુરી રજીસ્ટર સીવાય બાંધકામ પરવાનગી અરજી, કોઈ પ્લાન નકશા આવેલા હોય, કોઈ મંજુરી આપતો હુકમ કે મંજુર થયેલા નકશા હોય તેવુ અન્ય કોઈ રેકર્ડ વેરીફાય કરેલ નથી. અમે કાંન્તીભાઈ ગોકળદાસ પંડયા, વોર્ડ નં.૮, મહોલ્લો કાળવા ચોક નામથી કોઈ અરજી કે મંજુરી અંગે રેકર્ડ વેરીફાય કરેલ નહી.

હું આજરોજ મારી સાથે ગઈ કાલની તારીખે કોર્ટ દ્રારા કરવામાં આવેલ હુકમ મુજબનુ તા.૩૦/૧૧/૮૧ ના રોજ બાંધકામ અંગેની કોઈ મંજુર આપવામાં આવેલ હોય તો તે અંગેનું અસલ રજીસ્ટર તથા લાગુ પડતા પાનાની સ્વપ્રમાણીત નકલ સાથે લાવેલ છુ. મને કેસની પાછલી તારીખે કોર્ટ દ્રારા કરવામાં આવેલ સવાલ મુજબનું રજીસ્ટર અમારી કચેરી પાસે છે. તે રજીસ્ટર હું સાથે લાવેલ છુ. આ કામે વાદી સાક્ષીને એવો સવાલ પુછવા માંગે છે કે, તેઓ આજરોજ જે ભાગ–૨ તે તા.૦૫/૦૮/૮૧ થી ૧૮/૧૧ /૮૧ સુધનુ રજીસ્ટર લાવેલ છે તે રજીસ્ટરમાં ૧૧/૦૮ નંબર ૨૫૦ થી વોર્ડ નં.૭/૮, કાળવા ચોક નારાયણ લોજ, કાન્તીલાલ ગોકળદાસ ની આવેલ માલીકીના કમ્પાઉન્ડમાં પ્લાન મુજબ બાંધકામ કરવા દેવાની કોઈના હકક હીતને નુકશાન ન થાય તે રીતે મંજુરી આપવામાં આવે છે, અરજી તા.૨૩/૦૭/૮૧, રજા ચીઠીની તા.૧૧/૦૮/૮૧ ની એન્ટ્રી દર્શાવેલી છે, વાદી પક્ષ દ્રારા કરવામાં આવેલા હાલના સવાલ અંગે વિચાર કરવામાં આવે તો વાદી પક્ષે આ કોર્ટ દ્રારા આંક–૫ ની અરજી નીચે કરેલા હુકમ અનુસંધાને પોતાના

બાંધકામની કાયદેસરતા દર્શાવવા માટે આંક–૫૧ મુજબની રજા ચીઠી ડી.ડબન્યુ ૧૩૯, તા.૩૦/૧૧/૮૧ ની રજી કરેલી હતી, એટલે કે આ કામના વાદી ઉપરોકત રજા ચીઠીના આધારે પોતાને બાંધકામની મંજુરી મળેલ છે તેવો કેસ શરૂઆતથી લઈને આવેલા છે અને આ કોર્ટ દ્રારા આંક–૨૦૦ નીચે હુકમ કરીને હાલના સાક્ષીને જે વિસંગતતા અંગે પુરાવો રજુ કરાવ બોલાવેલા છે તે ડી.ડબન્યુ ૧૩૯, તા.૩૦/૧૧/૮૧ નો વાદી આધાર રાખે છે તે મંજુરીની વેરાસીટી ચેક કરવા બોલાવેલા છે. જેથી જે ચોકકસ દસ્તાવેજની વેરાસીટી ચેક કરવા માટે સાક્ષીને બોલાવવામાં આવેલા છે તે ચોકકસ દસ્તાવેજ સીવાયના અન્ય કોઈ દસ્તાવેજથી વાદી પક્ષને પરવાનગી મળેલી છે તેવો નવો કેસ રજુ થાય તેવો સવાલ પુછવા વાદી પક્ષને પરવાનગી આપવામાં આવતી નથી.

મને આજરોજ ઉપરોકત ભાગ–૨ બતાવવામાં આવે છે, જે જોઈને કહુ છુ કે તેમા શરૂઆત અને અંતના ૨–૩ પાના ખાલી છે છેલ્લા પાસે જે શેરો મારેલ છે તેમા પાના નં.૯૬ થી શરૂ બાદ ખાનુ ખાલી છે તેવુ જણાય છે. સાહેદ જણાવે છે કે, તેમા છેલ્લા પાને કરેલા શેરામાં પાના નં.૯૬ થી ૧૯૦ નંબર સુધી પ્રમાણીત કરેલ છે. તે વાત ખરી છે કે, આગળના ૫ પાના કોરા છે તેમા કાંઈ લખેલ નથી. તે વાત ખરી છે કે, સદર રજીસ્ટરમાં પ્રર્થમ ૫ પાના કોરા છે અને ત્યાર બાદ ૯૬ થી ૧૯૦ નંબર સુધી હાથેથી લખેલા છે.

તે રીતે મને ભાગ–૩ નું રજીસ્ટર બતાવવામાં આવે છે, જેમા શરૂઆતના બે ત્રણ પાના કોરા છે અને તેના પર પેઝ નંબર લખેલા નથી અને ત્યાર બાદ રજીસ્ટર પુરૂ થાય છે તેના પાના નંબર લખેલા નથી અને કોરૂ છે. ભાગ–૩ ના રજીસ્ટરમાં છેલ્લ ે પાને સી.૨ નં. લખેલા છે તે શું છે તેવા વાદી પક્ષના સવાલના જવાબમાં જણાવુ છુ કે તે રજીસ્ટર જે તે વખતની નગરપાલીકા દ્રારા નીભાવવામાં આવલ હોય તે સી.૨ નંબર લખેલ છે તે શું છે તે મને ખબર નથી.

મને ભાગ–૩ બતાવવામાં આવે છે, જેમા આગળ ૨–૪ પાના તથા પાછળ પાના નં.૩૦૩ સુધી લખાણ છે અને પછી બીજા પાના કોરા છે. મને ભાગ–૩ બતાવવામાં આવે છે, તેમા છેલ્લા પાને સી.૨ નં. લખી ખાનુ ખાલી ––––/૨૦૩૮ લખેલ છે.

મને ભાગ–૧ બતાવવામાં આવે છે, તેમા પ્રર્થમ પાનુ કોરૂ છે અને તેમા કોઈ નંબર કે વિગત લખવામાં આવેલી છે. તેમજ છેલ્લે બે પાના કોરા છે અને તેના પર કોઈ નંબર લખાયેલા નથી. તેના છેલ્લા પાના પર સી.ર નં.૪૪/૨૦૩૭, તા.૦૧ /૦૪/૮૧ લખેલ છે. તેમા પાના નં.૧ થી ૯૫ લખેલ છે અને તેમા તા.૩૧ /૦૩/૮૧ લખાયેલ છે. ઉપરોકત ત્રણે રજીસ્ટરોમાં સી.ર નંબર પાછળથી લખવામાં આવે છે અને રજીસ્ટરમાં અગાઉ કયાંય તેનો ઉલ્લેખ નથી તેવા વાદી પક્ષના સવાલના જવાબમાં જણાવુ છુ કે અગાઉ નગરપાલીકા કેવી રીતે મેઈન્ટેન કરતી હતી તેની મને માહીતી નથી.

મને જાહેર માહીતી અધિકારી તરીકે ફરજ સોંપવામાં આવી તેનો આધાર મારી પાસે છે. તે આદેશ કઈ તારીખનો છે તે મને ખબર નથી. તે વાત ખરી નથી કે, મારી મહાનગરપાલીકામાં જાહેર માહીતી અધિકારી તરીકે ન હોવા છતા મારા સીનીયર ટાઉન પ્લાનર તરીકેના અનુભવના કારણે ખોટી રીતે જુબાની આપવા આવેલો છુ. તમોને કોર્ટ સમક્ષ મળ્યા બાદ કમીશ્નર શ્રીએ તમોને જુબાની આપવા માટે અધીકુત કરેલા નથી તેવા વાદી પક્ષના સવાલના જવાબમાં જણાવુ છુ કે આઈ.ટી.આઈ ઓફીસર તરીકેનો કોર્ટ સમક્ષ હોય તે હોદાની રૂએ હું જુબાની આપવા આવેલો છુ. તે વાત ખરી નથી કે, હું કેટલીક માહીતી ખોટી રીતે છુપાવી કોર્ટમાં રજુ કરૂ છુ. તે વાત ખરી નથી કે, ખોટી જુબાની આપુ છુ.

પ્રતિવાદી નં.ર તરફે કોઈ ઉલટ તપાસ નથી.

આ તબકકે પ્રતિવાદી નં.૧ ના વાકીલશ્રી સાક્ષીની ફેરતપાસ કરવા પરવાનગી માંગી રહેલા છે તેઓની અરજ છે કે, સદર સાક્ષીને જે ચાર દસ્તાવેજો અંગે પુરાવો આપવા બોલાવવામાં આવેલા હતા તે ચાર દસ્તાવેજો પુરતી સરતપાસ કરવા પરવાનગી મળેલી છે. ત્યાર બાદ વાદી પક્ષ દ્રારા કરવામાં આવેલી ઉલટ તપાસ દરમ્યાન બાંધકામની મંજુરી ના ૧૯૮૧ ની સાલના ભાગ–૧ થી ૩ ના દસ્તાવેજો સાક્ષી દ્રારા સાથે લાવવામાં આવેલા છે અને તે અંગે વાદી પક્ષ દ્રારા સાક્ષીની ઉલટ તપાસ કરવામાં આવેલી છે, જે ઉલટ તપાસ દરમ્યાન બાંધકામની મંજુરીની અરજી, નકશા, મંજુરી, મંજુર થયેલા નકશા વગેરેના રેકર્ડ નિભાવવા અંગેના સવાલો પણ થયેલા છે. તો તેવા કિસ્સામાં વાદી પક્ષ ની ઉલટ તપાસ

દરમ્યાન સાક્ષી જે રજીસ્ટર સાથે લાવેલા છે તે રજીસ્ટરમાં એન્ટી કયારે અને કેવી પ્રક્રિયા બાદ પડે તે અંગેની સ્પષ્ટતા આવશ્યક છે. સદર સવાલ પુછવા સામે વાદી પક્ષ દ્રારા એવા વાંધા લેવામાં આવેલા છે કે, સાક્ષી દ્રારા નિભાવવામાં આવતા રજીસ્ટર યોગ્ય રીતે નિભાવાયેલા છે કે કેમ તેની ખાત્રી માટેના સવાલો પુછાયેલા છે જેથી પ્રતિવાદી નં.૧ જણાવે છે તે અંગેની સ્પષ્ટતા આવશ્યક નથી. તેમજ ઉલટ તપાસ બાદ કોઈ એમ્બીગ્યુટી હોય તોજ ફેર તપાસ કરવા પરવાનગી આપી શકાય. પક્ષકારોની રજુઆત અંગે વિચાર કરવામાં આવે તો, કાયદાના સ્થાપીત સિધ્ધાંત મુજબ જુબાનીમાં કોઈ એમ્બીગ્યુટી ઉભી થાય તેવી બાબત આવેલી હોય તો તેની સ્પષ્ટતા કરવા માટે ફેરતપાસ કરવાની હોય છે. હાલના સાક્ષીની સરતપાસ અને ઉલટ તપાસ ધ્યાને લેવામાં આવેતો, તેના આધારે કોઈ મુદા પર એમ્બીગ્યુટી ઉભી થતી હોય તેવો કોઈ મુદો જણાતો નથી. વધુમાં હાલના સાક્ષીનો તપાસવાનો હેતુ માત્ર વાદીએ રજુ કરેલ મંજુરી પત્રની વેરાસીટી ચેક કરવાનો હતો કારણ કે વાદી પક્ષ દ્રારા આંક–૫૧ થી એક મંજુરી રજુ કરવામાં આવેલી છે, જયારે પ્ર તિવાદી નં.૧ દ્રારા રજુ આઈ.ટી.આઈ ના જવાબમાં તા.૩૦/૧૧/૮૧ ના રોજ કોઈ મંજુરી મળેલી નથી તેવો પ્રતિવાદી નં.ર ઓથોરીટીનો જવાબ હતો. પરંતુ બાંધકામ મંજુરી રજીસ્ટરમાં નોંધ કયા સંજોગોમાં થાય, કઈ પ્રક્રિયાનું પાલન કરીને થાય તે અંગેનો કોઈ સાહેદનો પુરાવો પણ નથી કે તેવા કોઈ મુદા પર એમ્બીગ્યુટી નથી. જેથી પ્રતિવાદીની ફેરતપાસની માંગણી નામંજુર કરવામાં આવે છે.

પરંતુ આ કામે સાક્ષી દ્રારા ૧૯૮૧ ની સાલના બાંધકામ મંજુરીના ભાગ–૧ થી ૩ ના રજીસ્ટરો કોર્ટ સમક્ષ રજુ કરવામાં આવેલા છે તે અંગે વાદી પક્ષ દ્રારા સવાલો થયેલ છે અને સદર દસ્તાવેજો કેસની ટ્રાયલ સમયે કે અપીલ સમયે રેકર્ડ પર ન હોવાથી તેની સંક્ષીપ્ત સ્થીતી નોંધવી ઉચીતી અને ન્યાયીક છે. જે પૈકી ભાગ એકનું રજીસ્ટર ધ્યાને લેવામાં આવેતો, તેના છેલ્લા બે પાના કોરા રાખ્યા પહેલા તા.૩૧/૦૩/૮૧ ના રોજ ચીફ ઓફીસર, નગરપાલીકા, જુનાગઢનો સીકકો અને સહી વાળો શેરો છે કે, '' બાંધકામ શાખાના ઉપયોગ માટે બાંધકામની મંજુરી રજીસ્ટર પાના નંબર ૧ થી ૯ ૫ સુધીમાં હાથેદાગી સીકકા આંકન કરવાં આવ્યા.'' તેમજ તેમજ રજીસ્ટર જોતા તેના દરેક

પાના પર નગરપાલીકા, જુનાગઢ, બાંધકામ શાખાનો રાઉડ સીલ છે અને પાના નંબર૧ થી ૯૫ હાથેથી લખેલા જણાય છે. ભાગ–ર જોતા તા.૦૫/૦૮/૮૧ ના રોજ ચીફ ઓફીસર, નગરપાલીકા, જુનાગઢનો સીકકો અને સહી વાળો શેરો છે કે, '' બાંધકામ શાખાના ઉપયોગ માટે બાંધકામની મંજુરી રજીસ્ટર ભાગ ર જો પાના નંબર ૯૬ થી ૧૯૦ સુધીમાં હાથેદાગી સીકકા આંકન કરવાં આવ્યા.'' ( જેમા પાના નં.૧૯૦ અન્ય લખાણ કરતા જુદી પેનથી લખાયેલ છે) તેમજ તેમજ રજીસ્ટર જોતા તેના દરેક પાના પર નગરપાલીકા, જુનાગઢ, બાંધકામ શાખાનો રાઉન્ડ સીલ છે અને પાના નંબર ૯૬ થી ૧૯૦ હાથેથી લખેલા જણાય છે. ભાગ–૩ નુ છેલ્લુ એક પાનુ કોરૂ રાખી અગાઉના છેલ્લા પાસે તા.૧ ર/૧૧/૮૧, ચીફ ઓફીસર, નગરપાલીકા, જુનાગઢ '' બાંધકામ શાખાના ઉપયોગ માટે બાંધકામ મંજુરી રજીસ્ટર ભાગ ૩ જો પાના નં.૧૯૧ થી ૩૭૫ સુધીમાં હાથે દાગી સીકકો અંકન કરવામાં આવ્યા'' તેવુ નોંધેલ છે અને તેમજ રજીસ્ટર જોતા તેના દરેક પાના પર નગરપાલીકા, જુનાગઢ, બાંધકામ શાખાનો રાઉન્ડ સીલ છે અને પાના નંબર ૧૯૧ થી ૩૭૩ હાથેથી લખેલા જણાય છે. તેવુ કોર્ટ દ્રારા જોઈ નોંધવામાં આવે છે.

**તા.૨૨/૦૨/૨૦૨૨.**

**સાહેદને જુબાની વાંચી સંભળાવતા**
**ખરી હોવાનું સ્વીકારે છે.** **અમારા રૂબરૂ**

**(મિહિરદેવસિંહ જે. ઝાલા)**
મુખ્ય સીનીયર સીવીલ જજ
**જુનાગઢ**

**(મિહિરદેવસિંહ જે. ઝાલા)**
મુખ્ય સીનીયર સીવીલ જજ
**જુનાગઢ**